હલા કલાની દોસ્તી

ભરતપુર કરીને એક ગામ હતુ, તે ગામમાં હલો તથા કલો નામે બે સોની કમ રહેતા હતા તે બે જણાને સારી મીત્રાચારી હતી પણ એક બીજાથી લુચ્ચાઇ લફંગાઇના કામમા હુશીઆર હતા કંઇ કામ કાજ નહીં હોવાથી તેઓ એક દિવસ વિચાર કરી પર મુલક કમાવા નિકળ્યા. આગળ ચાલતાં એક મોટું શેહેર આવ્યુ, ત્યા ચોતરફ ફરવા લાગ્યા એમ ફરતાં એક શાહુકારની હવેલી જોઇ, અને ત્યા એકાંત હોવાથી હવેલીની પાછળ બે જણા સંતાઇ રહ્યા, અને અંદર શી વાતચીત થાય છે તે સાંભળવા લાગ્યા. હવે એ હવેલીના માલેક નવલસા શેઠ લાખો રૂપૈઆની દોલત મુકીને [illegible] મરી ગયો હતો તે મરનારનો ભત્રીજો તથા [illegible] ઓરત બને જણ ઘણી ઘણીઆણી તે હવેલીમાં બેસીને વાતો [illegible] તા કે "હવે આ સઘળી દોલતનાં માલેક આપણ છીએ, કજે એનો છોકરો આશરે બાવીશેક વરસનો છે, તેતો એક વરસ હતો ત્યારથીજ પોતાના મામાને ઘેર રહેછે, અને તેણે કદી પોતાના બાપનુ મોહોં પણ જોયુ નથી ને કેટલી દોલત છે તે પણ તેને કાંઇ ખબર નથી જો કદી તે પોતાના બાપની મીલકત સાંભળીને અહીંયા આવે તો આપણે તેનો પત્તો લાગવા દેવો નહીં, ને બીજે માળ જે મંજુસમા સોનાની મોહોરોની કોથળીઓ ભરીને મુકીછે, તે કોથળીયો ત્યાથી કાહાડીને આપણે હાલ એક ઠેકાણે દાટવી જોઇએ, અને ચોર બંડારીયામા જે ઝવેરાતછે, તે

પણ એની સાથે દાટવુ જોઇએ " એમ કહી રાત હોવાથી બને જણા કમાડ બંધ કરીને સુઇ ગયા

આ સઘળી વાત પેલા બે ઠગો તથા કલો સાભળીને ત્યાં થી ચાલતા થયા પછી ઠગો સોની કલાને કેહેવા લાગયો " અ ર્યા કલા, આ કમાવાનો લાગ ઠીક છે, અને તારી પણ ઉમર વરસ બાવીસને આશરે છે, તેથી તુ વાણીયાનો વેશ પેહેરીને નવલસાનો છોકરો થા ને મશાણુમાં ખાડો ખોદી પવન આવે એવી જુગતીથી મને ત્યાં દાટ જો નવલસાના ભત્રીજા સાથે તને વધારે તકરાર થાયતો, કઇ સરકારમા જવાની જરૂર નહીં તુ તેને મશાણુમાથી તેડી લાવજે. ને હુ ભોય નીચેથી પુરાવો આપીશ એટલે સર્વે લોકો તારો દાવો નક્કી કરશે. પછી તુ મ ને મશાણુમાથી ખોદીને કાહાડજે, એટલે બધા મીલકત આપણે ને જણા વેહેચી લઇશુ માટે તુ સવારના એને ઘેર જા, ને કેહેજે જે આ બધી મીલકતનો માલેક હુ છુ. મને મારા બાપે સ્વપનુ આપ્યુ છે, તારા કાકાનો છોકરો, માલેક થઇ બેઠો, તેને ઘરમાથી બાહાર કાહાડી મુક તેથી હુ મારા મામાને ઘે રથી આવ્યો છુ. "

આવી રીતે બંને જણાએ નક્કી કર્યુ, પછી સવારમા વેહે લા ઉઠી ઠગાને મશાણુમા દાટી કલો વાણીઓ બનીને નવલસા શેઠને ઘર ગયો, અને તેના ભત્રીજાને દમ બીડાવવા લાગ્યો જે નવ લસાની સઘળી દોલતનો માલેક હુ છુ, તારૂ એમા કઇ લાગે વળગે નહીં આમાથી ટંટો વધી પડયો, તેથી આડોસી પાડોસી

વીગેરે ઘણા લોકો એકઠા થઇ કેહેવા લાગ્યા જે ભાઇ તારી પા
સે કઇ પુરાવોછે? આવું સાંભળી તે બોલ્યો કે હા મને મારા
બાપે સ્વપ્ન દીધું, ત્યારે હું અહીંયા આવ્યો છું. ને મને એમ
પણ કહ્યું છે જે જો તારા કાકાનો છોકરો નહીં માને તો સરકા
ર દરબાર ચહડી નકામો પૈસો ખોશો નહીં, ને પાંચ પચીસ મા
ણસો લઇને મશાણમા આવજો, કે હું મશાણમાથી પુરાવો
આપીશ. આવું સાંભળી સર્વે જણા બોલ્યા જે એ બોલે છે તે
બરાબર છે, આપણે જુવો તો ખરા. એમ કહી સર્વે જણા મ
શાણમા ચાલ્યા, અને પછી ત્યા જઇને વાણીયો બનેલો કવો મો
ટે અવાજે બોલ્યો જે, "બાપા, તમારૂં સ્વપ્ન ખરૂં હોય તો
હમણા સ્વર્ગમાથી પુરાવો આપજો, જે હું તમારો દીકરો ખરો
છું કે નહીં, તેના આ લોકોને ખાત્રી થાય." આવું સાંભળ
તાં પેલો મસાણમા દાટેલો હતો સોની બોલ્યો જે "હા ભાઇ
એજ મારો ખરો છોકરો છે, ને માગ બત્રીજાનું કંઇ લાગે
એ નહીં. અને બીજો માળ જે મજુસમાં સોનાની મોહોરો
કાથળીયો તથા ચોર ભંડારીયામા જે ઝવેરાત છે, તે સઘળાનું
માલેક એજ છે" એવી રીતે પોતે જે રાતે નરવસાની ડે
લી પાછળ સતાઇને વાત સાંભળી હતી તે પ્રમાણે દાખલા આ
પ્યા આવો ગેબી અવાજ મશાણમાથી સાભળીને સર્વે બાજગ
ણ્યા લોકોનેતો પુરી ખાત્રી થઇ કે એનો ખરો વારસ એજછે
તે કરતા ઘરમાં મુકેલી મીલકતનો જે પત્તો કહ્યોછે તે આપણે ત
પાસીએ ને જો તે પ્રમાણે દાખલો મળતા સઘળી મીલકત એને

સ્વાધીન કરવી જોઇએ એમ કહી સર્વે જણા નવલસાનો છોક
રો બનેલા કલાને સાથે લઇને ઘર ગયા મજુસ તથા ચોર ભં
ડારીયામા જોતા કલા પ્રમાણે નીકળ્યુ ત્યારે સઘળા ભાજગડી
યાઓએ નવલસાના ભત્રીજાને રૂપૈઆ પાચસોની મતા અપાવીને
ઘરમાંથી બાહાર કાહાડયો, અને કલો સોની માલેક થયો એમ
કરતા રાત પડી કે કલાએ મોટા બે કોથળા મોહોરો તથા ઝવે
રાતના નીરાતે બેશીને ભર્યા અને એક બળદ ઉપર લાધીને પો
તાને વતન ચાલતો થયો અને કલો સોની ભાગ માગે તેથી તેને
મશાણમાજ દાટેલો રેહેવા દીધો, એમ કરતા સહવાર થયુ, ત્યા
રે કલો સોની અકળાઇ ગભરાઇને લાત મુક્કી મારીને બધુ મડો
ડુ જ્યારે દાટેલો હતો ત્યાથી બહેર નીકળ્યો, અને નવલસા
ની હવેલી પાસે જઇને કલા સોનીને શોધવા લાગ્યો, પણ પ
તો લાગ્યો નહીં તથી કલાએ જાણ્યુ જે એ મને પડતો મુકી
ને જતો રહ્યો, તેથી પોતે પણ તેની પાછળ ચાલ્યો હવે કલો
સોની પોતાને ઘેર આવીને પેલી ગુણોમાથી સો રૂપીઆનો માલ
બાહેર રાખીને બાકીની પોતાના ઘરમા ખાડો ખોદીને દાટી દી
ધી અને પેલો સો રૂપીઆનો માલ વટાવીને તે રૂપીઆ પોતાની
ઓરતને આપીને કહ્યુ જે કોઇ પણ તને પુછવા આવે જે કલો
ક્યા છે તો એમ કેહજે જે એનો કમાવા ગયા છે ત્યાથી આ
વ્યા નથી અને હું ગામની બાહેર પેલો ઊજડ કુવોછે, તેમા
ભોંયરૂ કરી ભરાઇ રહુ છુ ત્યા રોજ શીરોપુરી દુધપાક વીગરે
સાર સાર ખાવાનું કરીને શીંકામા બાધી કુવામા મુકજે કે હુ

અંદરથી લેઇને ખાઇશ એમ કહી કલો કુવામાં ઉતર્યો, અને અંદર ભોયરૂ ખોદી ગોદડુ પાથરી નીરાતે રોજ શીરોપુરી ખાઇ આરામ કરવા લાગયો

હવે એમ કરતા થોડેએક દીવસે દલો સોની ત્યા આવી કલાની ઓરતને પુછવા લાગ્યો જે, કલો ક્યા છે ? ત્યારે તે બોલી જે, તમે જોડે ગયા હતા ને મારા ધણીને ક્યા મુકી આવ્યા ? એવી રીત ઉલટી ગળે પડી ત્યારે દલો ત્યાથી પાછો ગયો પણ રોજ ત્યા આવી તેની શોધ કરતો હતો એમ કરતા બે ત્રણ મહીના થયા, પછી એક દીવસે દલે કલીયાની ઓરતને કંઇ ખાવાનું લેઇને બાહેર જતી જોઇ, તથી છાનો તેની પાછળ થયો, અને તેને કુવામા ખાવાનુ મુકતા જોઇને પાછો પોતાને ઘેર ગયો બીજે દીવસે કોદરાનો રોટલો તથા ચટણીનો ભ્રોઓ શીંકા મા મુકી કલીયાની ઓરતના જવા પેહેલા પોતે જઇને કુવામાં શીંકુ મુક્યુ અંદર બેઠેલા કલીઆએ કોદરાનો રોટલો તથા ચટણી જોઇ ગુસ્સે થઇને બોલ્યો જે, રાંડ આજ આ શું લાવી ત્યારે દલો સ્ત્રીની પેઠે સાદ કાહાડીને બોલ્યો જે હવે હુ ક્યાર લાવુ ? બધો પૈસોટકોતો તમારી પાસેછે આવુ સાભળી કલીઆએ જાણ્યું જે મારા આપેલા રૂપીયા હવે થઇ રહ્યા હશે તેથી તે બોલ્યો જે આપણા ઘરના બારણા પાછળ ખુબ મતા દાટેલી છે, ત્યાથી ખોદીને થોડુક લેજે, પણ મારો પતો કોઇને કહીશ નહી આવુ સાંભળી દલો સોની ત્યાંથી ચાલતો થયો, કે લાગ જોઇને કલીઆના ઘરમા ભરાઇ બેઠો. હવે કલીઆની ઓરત

રોજના રાબેતા મુજબ ઘરમાથી ખાવાનુ લઇને બાહેર ગઇ, કે
ફલે બારણાની પાછળ ખોદીને મોહોરો તથા ઝવેરાતનો કોથળો
પોતાને ઘેર લેઇ જઇને ખાડો ખોદીને ડાટયો, અને પોતાની સો
નારણ ઓરતને કહ્યુ જે, કોઇ મને પુછવા આવે તેને કહેજે જો
એતો માંદા પડયાછે, ને એને તો મુગો વા થયોછે તેથી કશુ એ
બોલતા નથી ને આ દાટેલુ છે તે કોઇને કહીશ નહી એમ
કહી ઓઢીપોઢીને ખાટલે પડયો

પેલી તરફ ફલીઆની ઓરત જે ખાવાનુ લેઇ ગઇ, તેણે
જઇકે કુવામા લટકાવ્યુ, તે જોઇ અંદરથી ફલીઓ બોલ્યો કે
રાંડ હવે કેવુ સારૂ સારૂ લાવી રોટલો ને ચટણી લાવતા ,ત
ને શરમે ના આવી ? આવુ સાભળી તે બોલી કે, વળી રોટલો
ને ચટણી કોણ લાવ્યુ છે ? ઘણે દાહાડે ભાવ થયો કે શુ ? ફલી
ો બોલ્યો કે, રાંડ હમણા લાવી હતી, કે જુઠુ એમ બોલેછે ?
તે બોલી હુ તો કઇએ નથી લાવી આવુ સાભળી ફલીયો ચેત્યો
જે દલો આવ્યો ખરો, તેથી ઝટ બાહેર નીકળી ઘેર આવી જુ
વે છે તો મોહોરોની ગુણ જડે નહીં તેથી ઝટ દલાને ઘેર ગયો
અને દલાને સુતેલો જોઇ બોલ્યો જે ભાભી ભાઇને શુ થયુ છે ?
તે બોલી દૈવ જાણે મુગવા થયો હોય એમ લાગેછે એતો કઇ
પણ બોલતા નથી ફલીયો દલા પાસે જઇ કેહેવા લાગ્યો જે ભા
ઇ એમ શુ કરોછો બોલો તો ખરા, મારી ભુલ થઇ માફ કરો
લાવો આપણે અડધો અડધ વેહેચી લઇએ એવી રીત ફલીયા
એ કાલાવાલા કરી બહુ રીતે સમજાવ્યો, ને છેવટે ચાર બાતી

બાગ માગ્યો તો પણ એણે તો કશું જવાબ દીધો નહીં ત્યા રે કેહેવા લાગ્યો જે, અલ્યા બોલ નહીંતો હમણાં મારી નાખીશ તો પણ બોલ્યો નહીં ત્યારે કલાએ કહ્યુ જે, ભાભી દલાને તો મતલબનો મુગવા મગજે ચઢી ગયોછે તેથી જો ડામ દીધા હોય તો હમણા બોલે એમ કહી બે ત્રણ ખીલા ખુબ તપાવીને પેટ તથા કપાળે ડામ દીધા તોપણ કશું એ બોલ્યો નહીં ત્યારે કેહેવા લાગ્યો જે ભાભી ભાઇ તો મરી ગયા' તમે ઘોઘાટ કરશો નહીં એમ કહી વાસણ લાવી અગ્નીદાહ કરવાની તૈયારી કરી એની બાયડીએ પણ જાણ્યુ કે એ રોયો મરી જાય તો આ દા રેશો ડલો મારે હાથ આવે તેથી આ જે થાયછે તે ઠીકજ થાય છે હવે દલાની નાતના માણસો ત્યાં નહોતા તેથી બાહેર જઇ ચાર પાચ માણસોને બોલાવી લાવ્યો અને ઠાઠડી ઉઠાવી મસા ણમા લેઇ ગયો, તો પણ દલો બોલ્યો નહીં, ત્યારે કલાએ પેલ ઉચકી લાવનારાઓ ને કહ્યુ જે ભાઈ હવે તમે જાઓ, હું એ ને અગ્નીદાહ દેઇસ મારે ને એને ઘણી મીત્રાચારી હતી, તથી હુ બે ચાર ઘડી એની આગળ રોઇસ પછી અગ્નીદાહ કરીશ આવુ સાભળી બધાએ જતા રહ્યા ત્યારે પાછુ કલાએ દલાને ક હ્યુ જે અલ્યા હવેતો બોલ ? નહીંતો હમણા બાળી દઉછુ બ ધી મતા તુ ગટ કરવા ધારે છે, તે કેમ બને ! તોપણ દલો ક શું એ બોલ્યો નહીં. એમ દલાની ખુસામત કરતા દોઢ પોહોર રાત ગઈ.

હવે આ મશાંણને રસ્તે થઇને કોઇ પાચ સાત ચોર શેઠ

રમા ચોરી કરવા ગયા હતા તેમણે જતા એવો ઠરાવ કર્યો
હતો કે આજે આપણે જેકંઇ ચોરી લાવીએ તેમાથી ચોથો ભ
ગ મશાણમા ધરમ ખાતે નાખવો તે લોકો ચોરી કરીને પાછા
મશાણ આગળ આવી પોહોચ્યા અને આસરે હજાર સોનેકની
મતા ચોરી લાવ્યા હતા તેમાથી એક ચોર બોલ્યો જે આપણે
અહીયાથી જતા ચોથો ભાગ મશાણમા નાખવાની બાધા લીધી
હતી તે નાખવો જોઇએ ત્યારે બીજો ચોર બોલ્યો જે હવે ના
ખ્યુ ! નકામી આપણા નસીબમાથી હજાર હજારની મતા જતી
રહે એમાં મશાણના બાપનુ શુ લાગેછે ? આપણા નસીબનુ
હતુ તે આપણને મળ્યુ છે ચોરોની આ વાત દલાએ ચેહેમા
પડયા પડયા સાભળી તેથી ઝટ બોલીને ઊઠયો જે અલ્યા કલા
આ લાગ પણ ઠીકછે ઉઠ જુવેછે શુ ? ડામ ખાધો તો ખાધો
પણ **જે આવ્યું તે ખરૂં** અને આ બીજુ તારૂ મારૂ
સેયારૂ એમ કહીબન્ને જણા નાગા થતા કે ખાઊ ખાઊ કરતા
પેલા ચોરોની પાછળ દોડયા તે જોઇ ચોરોએ જાણ્યુ જે આપ
ણે ધરમ કરવાની દાનત બગાડી તેથી મશાણમાના મુડદા ઉઠી
ઊભા થયા અને જો હાથ આવ્યા, તો આપણને જરૂર ખાઇ જ
શે આવી બીકથી ચોરીનો માલ ત્યા પડતો નાખી જીવ લઇને
નાઠા અને તે બધી નવી મતા દલાને તથા કલાને હાથ લાગી
તે બન્ને જણ વેહેચી લેઇ પોતપોતાને ઘેર ગયા પણ પેલી
મોહોરો તથા જવેરાત, દલે ગટ કર્યું તે ગયું

સમાપ્ત.